Monthly Newsletter

અંક : ૧૪

૧૦ મે ૨૦૧૭

# સંગઠિત અવાજ

Collective Voice of Gujarat

HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat

BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad

www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat

## જિલ્લા સ્તરે વિશેષ કામગીરી

- એસએનજેપી+ જૂનાગઢ વિહાન કેર સપોર્ટ સેન્ટર દ્વારા મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓને જાગૃતિ હેતુ એચ.આઇ.વી. સાથેના જીવન વિશે ઓરીએન્ટેશન આપવામાં આવ્યું.
- સુરત જિલ્લા સંગઠન એનએસપી+ ના ૧૧ તથા આણંદ જીલ્લા સંગઠનના સ્થાપનના ૧૦ વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણી કરવામાં આવી.
- રાજકોટમાં બાલાજી અન્નક્ષેત્ર દ્વારા એ.આર.ટી. લેવા માટે આવતા જરૂરીયાતમંદ લાભાર્થીઓને ખીચડી સપોર્ટ આપવામાં આવ્યો. દર મહિને ૧૫૦ લાભાર્થીઓને ફીક્સ સપોર્ટ ઉપરાંત આ વધુ સપોર્ટ શરૂ કરવામાં આવ્યો છે.
- જામનગર જિલ્લા સંગઠન દ્વારા સેવારામ બાંધણી શોપના સૌજન્યથી વિહાન સાથે સંકળાયેલ ૨૧ બહેનોને સાડી વિતરણ કરવામાં આવ્યું.
- કેએસએસ તથા ગેપ વિહાન અમદાવાદ દ્વારા 'વર્લ્ડ વીશ ડે નિમિત્તે ૨૯ બાળકોની વિશ 'મેક અ વિશ ફાઉન્ડેશન' ના સહયોગથી પૂરી કરવામાં આવી.

## સ્ટેટ ઓવરસાઇટ કમિટિની બેઠક

શ્રી જે.પી.ગુપ્તા, આઇ.એ.એસ., અગ્ર સચિવ, જાહેર આરોગ્ય, કમિશ્નરશ્રી આરોગ્ય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અધ્યક્ષતામાં તારીખ ૨૬મી એપ્રીલ ૨૦૧૭ના રોજ



પરિવર્તન હોલ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે જીએસએનપી+ દ્વારા કાર્યરત વિહાન પ્રોજેકટની ૭મી સ્ટેટ ઓવર સાઇટ કમિટિની બેઠકનું આયોજન થયું હતું. જેમાં જીસેકસના ઉચ્ચ અધિકારી, પાંચ જિલ્લા સંગઠનના તથા જીએસએનપી+ ના પ્રતિનિધિગણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકની કાર્યસૂચિ મુજબ એલએફયુ ટ્રેકબેકની કામગીરી, વિવિધ સરકારી યોજનાઓનું અમલીકરણ, જતન પ્રોજેકટ તથા વિહાન પ્રોજેકટનો પ્રગતિ અહેવાલ, સંગઠન દ્વારા થયેલ નોંધપાત્ર કામગીરીઓ તથા જિલ્લા સ્તરીય સામુદાયીક ભલામણો વિશે ચર્ચા કરવામાં આવી હતી. જે બાબતે અધ્યક્ષશ્રી દ્વારા જરૂરી સૂચનો અને તે અનુસંધાને વિસ્તૃત ચર્ચા માટે પુન: મુલાકાત માટે જણાવવામાં આવ્યું.

## 'ટેસ્ટ એન્ડ ટ્રીટ'




માન.શ્રી જગત પ્રકાશ નડ્ડા, યુનીયન મિનિસ્ટર , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ભારત સરકારના અધ્યક્ષસ્થાને નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગનાઇઝેશન (નાકો) દિલ્હી દ્વારા આયોજીત સમારોહમાં એચ.આઇ.વી. પોઝીટીવ લોકો માટે એઆરટી સારવાર માટેની નવી માર્ગદર્શિકા 'ટેસ્ટ એન્ડ ટ્રીટ' પરિક્ષણ અને સારવારની ઉદ્‌ઘોષણા કરવામાં આવી. સમારોહમાં એન.સી.પી.આઇ.+દ્વારા માન. મંત્રીશ્રીને 'સંકલ્પપત્ર' ભેટ આપી, સમુદાય પરત્વે સારવાર સાથે કાળજી અને સંભાળ નિરંતર પૂરી પાડવા સામુદાયીક લાગણી રજૂ કરવામાં આવી.

## આઉટરીચ વર્કર સન્માન



...માન. શ્રી જગત પ્રકાશ નડ્ડા, યુનીયન મિનિસ્ટર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ભારત સરકાર ના હસ્તે કચ્છ એન.પી.+ વિહાન કેર સપોર્ટ સેન્ટરમાં કાર્યરત શ્રીમતી હંસાબેન કોલી, આઉટરીચ વર્કરને નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગનાઇઝેશન (નાકો) દિલ્હી દ્વારા આયોજીત 'ટેસ્ટ એન્ડ ટ્રીટ' સમારોહમાં તેમની ઉતકૃષ્ટ કામગીરી માટે એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા. હંસાબેનનું આ સન્માન ગુજરાતના એ દરેક આઉટરીચ વર્કરનું સન્માન છે કે જેઓ ખંત અને ખુમારીથી પોતાની ફરજ નિભાવી રહ્યા છે. આવો આપણે હંસાબેનને મળીએ... હંસાબેનના પરિવારમાં ૩ સંતાનો અને પતિનો સમાવેશ થાય છે. તેમના પતિ ઘૂટણના સાંધાના ટીબીના કારણે છેલ્લા એક વર્ષથી કામ કરવા માટે સક્ષમ નથી. હંસાબેન અઉટરીચવર્કર તરીકેના ૬૩૦૦ રૂપિયા માસિક પગારમાંથી જ ઘરની તમામ જવાબદારી નિભાવે છે. એક મહિલા તરીકે આર્થિક પડકારોનો સામનો કરીને પણ એચ.આઇ.વી. પોઝીટીવ લોકોના લાભાર્થ કાર્ય કરે છે. તેમના ઉત્સાહનું કારણ પૂછતા તેમણે જણાવ્યું કે ''જયારે મને ફિલ્ડમાં મારાથી પણ વધુ તકલીફ સાથે જીવતા લોકોની સેવા કરવાની તક મને મળે છે, ત્યારે હું મારું પોતાનું દુ:ખ ભૂલી જાઉં છું.''હંસાબેન કોલી કચ્છ જિલ્લાના વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટરમાં ૨૦૧૩થી આઉટરીચ વર્કર તરીકે જોડાયેલ છે. કચ્છ જિલ્લો એ વિસ્તારની દ્રષ્ટિએ રાજયમાં સૌથી મોટો જિલ્લો છે. જયાં પાણી સહિત માળખાગત જરૂરી સુવિધાઓનો અભાવ છે. વિજળી, રસ્તા, સ્થાનિક મુસાફરી સેવા, સામાજીક રીતી રિવાજો જેવા અનેક મુદ્દાઓ એચ.આઇ.વી.ની કાળજી અને સંભાળની સેવાઓને સરળતાથી પહોંચાડવા અંતરાયો ઉભા કરે છે. તેવા સંજોગોમાં હંસાબેન દ્વારા વિહાન કેર સપોર્ટ સેન્ટરના છેવાડાના એચ.આઇ.વી. સાથે જીવતા લાભાથીઓને વિવિધ સેવાઓ પહોંચાડવા અથાગ પ્રયાસોની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવામાં આવી. સમારોહમાં સન્માન દરમ્યાન મંત્રીશ્રી દ્વારા હંસાબેનના કામના અનુભવો પણ જાણ્યા હતાં. જીવનમાં સૌ પ્રથમવાર તેમના જન્મદિવસે જ મળેલ આ સન્માનથી હંસાબેન ખુબ જ ખુશ છે, અને પોતાની કામગીરી હજૂ વધુ મહેનતપૂર્વક કરવા સંકલ્પીત છે. હંસાબેન આપણા સહું માટે પ્રેરણારૂપ છે...